કમાક:અમદ:અનદ-૧/પ/૨૦૧૭-૧૮

કમિશનર શાળાઓની કચેરી

૯/૧.ડૉ.જીવરાજ મેહતા ભવન

ગુ.રા.ગાંધીનગર. તા-૨/૬/૨૦૧૭

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

તમામ

પરિપત્ર:-

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા-૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક-બમશ/૧૦૧૪/૧૪૦/ગ થી પ્રાથમિક, શિક્ષણ માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમા મજૂર શિક્ષકોની જગ્યાઓ સામે ખાલી પડેલ જગ્યા નિયમિત રીતે ભરાય ત્યા સુધી વિદ્યાર્થીઓનુ શિક્ષણ કાર્ય અટકે નહી તે માટે તાસ દીઠ માનદ વેતનથી(Honoranum Per Period) પ્રવાસી શિક્ષકો (મુલાકાતી શિક્ષક)ની સેવાઓ લેવાનુ સદર ઠરાવથી ઠરાવવામા આવે છે.

શિક્ષણ વિભાગનો સદર ઠરાવ આ કચેરીના તા-૨/૧/૨૦૧૬ના પરિપત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામા આવેલ છે.

શિક્ષણ વિભાગનો ઉક્ત (તા-૨૧/૧૨/૨૦૧૫) ઠરાવથી આ યોજના હાલ પૂરતી બે વર્ષ માટે જ અમલી રહે છે. શૈક્ષણિક વર્ષ-૨૦૧૭/૧૮ માટે (ડિસેમ્બર-૨૦૧૭) સુધી પ્રવાસી શિક્ષકો નિમવા અંગે સદર ઠરાવોની જોગવાઇઓ અને શરતોને આધિન આપના જિલ્લાની શાળાઓની ખાલી જગ્યાઓ સામે જરૂરીયાત મુજબના પ્રવાસી શિક્ષકોની નિમવા અંગેની જરૂરી નિયમોનુસારની કાર્યવાહી કરવા તથા થયેલ નિમણુકોની સંખ્યા/કેટલા તાસ માટે માનદવેતન ચૂકવવાનુ રહેશે તેની જરૂરી ગ્રાન્ટ અંગેની માહિતી એકત્રિત કરીને તા-30/6/૨૦૧૭ સુધી અત્રે રજૂ કરવા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આથી જણાવવામા આવે છે.

સરકારી/ગ્રાન્ટેડ. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે અલગ-અલગ પત્રકોમા માહિતી મોકલી આપવા જણાવવામા આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી

(માધ્યમિક)

ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહીસારૂ

૧) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨) ખાસ ઘટક,સદર કચેરી

૨) સંયુક્ત નિયામકશ્રી (હિસાબ), સદર કચેરી

નકલ સવિનય રવાના જાણ સારૂ

૧) માન. અગ્ર સચિવશ્રી શિક્ષણ વિભાગ ગાંધીનગર